**મે.ચીખલીના એડિશ્નલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : ચીખલી.**

**સિવિલ પરચુરણ અરજી નં. ૦૨/૨૦૧૮**

## આંક–૦૧ લગત હુકમ

**૧)** અરજદાર(મુળ દાવાના વાદી)ની આંક–૦૧ ની ડીલે કોન્ડોનની અરજી તથા આંક–૧૨ નો સામવાળા નં.૧ નો અરજી વિરૂધ્ધનો જવાબ તથા સામાવાળા નં.૩ નો અરજી વિરૂધ્ધનો આંક–૧૩ વાળો જવાબ તથા અરજદારે આપેલ સામાવાળા નં.૨ ના જવાબ વિરૂધ્ધ રીજોઈન્ડર તથા આંક–૧૬ નો સામાવાળાનં. ૨ નાએ જવાબ વિરૂધ્ધનું રીજોઈન્ડર વંચાણે લીધા. અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રી આર.આર.ડેલીવાલા તથા સામાવાળ નં.૧ તરફે વિધ્વાન વકીલશ્રી આર.આર.ગાંધી તથા સમાવાળા નં.૨ તરફે વિધ્વાન વકીલશ્રી એચ.જે.ઠકકર તથા સમાવાળા નં.૩ તરફે વિધ્વાન વકીલશ્રી એ.જે.શ્રોફને સાંભળ્યા.

હાલના અરજદારને આ કામે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**(૨) મુદ્દા**

૧ શું અરજદાર સાબિત કરે છે કે, રીસ્ટોરેશન અરજી લાવવામાં ૯૦ દિવસનો વિલંબ માફ કરવા પાત્ર છે?

૨ શું હુકમ?

**(૩) જવાબ**

૧. હકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**(૪)** મુદ્દાનં.૧

**શું અરજદાર સાબિત કરે છે કે, રીસ્ટોરેશન અરજી લાવવામાં ૯૦ દિવસનો વિલંબ માફ કરવા પાત્ર છે?**

**(૫)** અરજદારે હાલની અરજી આપી મુળ દાવો રે.દિ.મુ નં. ૩૯/૦૭ તા.૦૯/૧૦/૧૭ ના

રોજ ડીસ્મીસ ફોર ડીફોલ્ટની રૂએ રજુ કરેલ હોય સદર દાવો રીસ્ટો કરાવવા સારૂ દિન–૩૦ માં અરજી કરવામાં આવેલ ન હોઈ જેમાં ૯૦ દિવસનો વિલંબ થયેલ હોઈ અરજી તા.૦૮.૦૨.૧૮ ના રોજ દાવો રીસ્ટોર કરાવવા સારૂ અરજી આપેલ છે. જેમાં ૯૦ દિવસનો વિલંબ છે જેથી આ વિલંબ માફ કરી રીસ્ટોરેશન અરજી રેકર્ડ ઉપર લાવવા જણાવેલ છે. આ કામે સામાવાળાનં.૧ વાળાએ આંક–૧૨ નો જવાબ આપી જણાવેલ છે કે, તેઓએ કોર્ટને અંધારામાં રાખી વાદી સાથે ફ્રોર્ડ કરેલ નથી. અને રીજોઈન્ડરની અરજી લાવવામાં ૯૦ દિવસનો વિલંબ થયેલ છે તે કારણો વ્યજબી નથી એન વ્યાજબી કારણો જણાવેલ ન હોઈ ડીલેકોન્ડનની અરજી રદ કરવા જણાવેલ છે.

**(૬)** આંક–૧૩ થી સામાવાળાનં.૩ નાએ જવાબ આપી જણાવેલ છે કે, તેઓએ કોર્ટને અંધારામાં અને વાદી સાથે ફ્રોડ કરી કોઈ હુકમ મેળવેલ નથી. રીજોઈન્ડર અરજી લાવવામાં જે ૯૦ દિવસનો વિલંબ થયેલ છે જેના કારણો વ્યાજબી નથી અને સદર વિલંબને કારણે યોગ્ય ન હોઈ ડીલેકોન્ડન અરજીને રદ કરવા જણાવે છે. આંક–૧૫ થી તથા ૧૬ વાળો રીજોઈન્ડર અરદારે સામાવાળા નં.૧ તથા સામાવળાનં ૩ ના જવાબ વિરૂધ્ધ જે રીજોઈન્ડર આવેલ છે તે માત્ર "બેર ડીનાઈલ" લીધેલ તે તેમને કબુલ મંજુર નથી અને અરજદારે તેમની અરજીમાંની હકીકતને વળગી રહેલ છે તેવુ જણાવેલ છે.

**(૭)** આ કામે મુળ દાવાનું રોજકામ અરજદારે માર્ક ૩/૪ થી રજુ કેરલ છે જે વંચાણે લેતા તા.૨૦.૦૬.૧૭ ના રોજ વાદીને નોટીસ કાઢવાનો હુકમ કરેલ છે. જે નોટીસ અત્રેની અદાલત ધ્વારા તા.૨૦.૦૬.૧૭ ના રોજ તા.૦૬.૦૭.૧૭ ની મુદત તારીખ વાળી વાદીને ઈસ્યુ કરવામાં આવેલ છે જે માર્ક ૩/૨ થી રજુ કરેલ છે. સદર નોટીસ બજવણી અર્થે મોકલાવતા બેલીફ શ્રી ડી.વી.ચૌધરી બજવણી અર્થે ગયેલ છે અને સદર નોટીસનો શેરો વંચાણે લેતા તે શેરામાં જણાવેલ છે કે," બેલીફનો રીપોર્ટ તા.૨૮.૦૬.૧૭ ના રોજ નોટીસમાં જણાવેલ સરનામે જઈ આ કામના વાદી મે.સ.પાલ.કોસ્પો ઈન્ડીયા પ્રા.લી ૭૦૭, સત્કાર–૩ ફેકટરીનું સરનામે બ્લોક નં. ૪૫૧ ,૪૬૭ હોન્ડ તાલુકો ચીખલી ની તપાસ કરતા જણાવેલ સરનામે એમ.એન.વી.પ્રા.લી કંપની બ્લોક નં. ૪૫૧,૪૬૭ હોઈ જેથી કંપનીના જવાબદાર અધિકારી શ્રીને નોટીસની નકલથી વાકેફ કરી તેમને નોટીસની નકલ આપી. જે જેમણે લઈ શેરો નોટીસ ઉપર એમ.એન.એફ.વી.પ્રા લી કંપનીના જવાબદાર અધિકારી શ્રીની સહી કરી આપેલ. સદર નોટીસ બજેલ પરત" તે મુજબનો

શેરો કરી નોટીસ પરત મોકલાવેલ છે. સદર નોટીસ એમ.એન.વી.પ્રા.લી.કુ ના જવાબદાર અધિકારીએ એટલે કે પ્રતિવાદી નં.૩ નાએ સ્વીકારેલ છે જે નોટીસ વાદીએ સ્વીકારેલ નથી. આમ, જે નોટીસ મોકલાવેલ તે વાદીની નોટીસ જે પ્રતિવાદી નં.૪ નાએ સ્વીકારેલ હોઈ વાદીને નોટીસની બજવણી થયેલ નથી જે રેકર્ડ ઉપરથી હકીકત ફલીત થાય છે. જેથી સ્વાભાવિક રીતે વાદીને હાજર રહેવાની નોટીસ અંગે નોલેજ ન હોય તે માની શકાય તેમ છે. જે હકીકત ધ્યાને લેતા સદર નોટીસની વાદીને પ્રોપર બજવણી થયેલી ગણાય નહી. તે રેકર્ડ ઉપરની હકીકતથી ફલીત થાય છે.

(૮) આ કામે રોજકામ વંચાણે લેતા તા.૦૬.૦૭.૧૭ ના રોજ વાદી હાજર નથી તેમના વિધ્વાન વકીલશ્રી હાજર છે અને મુદત તા.૦૨.૦૮.૧૭ ની રાખવામાં આવેલ છે ત્યારબાદ તા.૨.૮.૧૭ ના રોજ વાદી ગેરહાજર વિધ્વાન વકીલશ્રી હાજર છે. અને મુદ્દા ઘડવા માટે તા.૧ ૪.૦૮.૧૭ ની મુદત રાખવામાં આવેલ છે. તા.૧૪.૦૮.૧૭ ના રોજ વાદી ગેરહાજર વિધ્વાન વકીલશ્રી હાજર અને મુદ્દા કાઢવામાં આવેલ છે. અને વાદીના પુરાવા માટે તા.૨૧.૦૮.૧૭ ની તારીખે રાખવામાં આવેલ. તા.૨૧.૦૮.૧૭ ના રોજ વાદી હાજર નથી વિધ્વાન વકીલશ્રી હાજર છે અને વાદીના પુરાવા માટે તા.૨૮.૦૭.૧૭ ની તારીખ રાખવામાં આવેલ છે. તા.૦૬.૦૯.૧ ૭ ના રોજ મુદત રાખવામાં આવેલ છે. ૦૭.૦૯.૧૭ ના રોજ વાદી ગેર હાજર તેમના વિધ્વાન વકીલશ્રીન ગેરહાજર છે અને વાદીના પુરાવા માટે તા.૧૧.૦૯.૧૭ની મુદતે રાખવામાં આવેલ છે. તા.૧૧.૦૯.૧૭ ના રોજ વાદી ગેર હાજર વાદીના વિધ્વાન વકીલશ્રી ગેરહાજર છે અને વાદીના પુરાવા માટે તા.૨૫.૦૯.૧૭ ની તારીખે રાખવામાં આવેલ. તા.૨૫.૦૯.૧૭ ના રોજ વાદી ગેરહાજર તેમના વિધ્વાન વકીલશ્રી ગેરહાજર છે એન તા.૦૯.૧૦.૧૭ ના રોજ ની તારીખ રાખવામાં આવેલ. તા.૦૯.૧૦.૧૭ ના રોજ વાદી ગેરહાજર છે તેમના વિધ્વાન વકીલશ્રી હાજર છે કે કેમ? તે સંબંધે રોજકામમાં ઉલ્લેખ નથી અને તે દિવસે સદર દાવાને આંક–૦૧ નીચે હુકમ કરી ડીસ્મીસ ફોર ડીફોલ્ટ કરી રદ કરવામાં આવેલ છે. આમ, તા.૦૯.૧૦.૨૦૧૭ ન રોજ વાદીના વિધ્વાન વકીલશ્રી હાજર ન હોઈ તે દિવસે દાવો ડીસમીસ ફોર ડીફોલ્ટ થી રદ કરેલ` જેથી વાદીના વિધ્વાન વકીલશ્રીને દાવો રદ કર્યાનું નોલેજમાં નથી તે હકીકત રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે. વાદીને મોકલાવેલ નોટીસ પ્રતિવાદી નં.૩ ને બજેલ હોઈ વાદીને પ્રોપર બજવણી થયેલી ન હોઈ વાદી હાજર રહી પુરાવો આપવા સંબંધમાં નોલેજમાં ન હોઈ તે હકીકત માનવાને કારણ રહે છે અને તે સંજોગોમાં વાદી હાજર ન રહેતા દાવો ડી.ડી

ની રૂએ રદ થયેલ છે અને સદર દાવો ડી.ડી થયા બાદ અરજદારને વિલંબથી નવસારીના જીલ્લા કલેકટર સાહેબની કોર્ટમાં આર.ટી.એસ રીમાન્ડ અરજી નં.૨૫/૧૭ ના કામે સામાવાળાનં.૨ નાએ જવાબ રજુ કરતા તેમાં રે.દી.મુ.નં.૩૯/૨૦૦૭ ડી.ડીની રૂએ રદ કરેલાનું જણાવતા તેમને જાણવા મળેલ છે જેથી સમય મર્યાદામાં રીસ્ટોરેશનની અરજી લાવેલ ન હોઈ અને રીસ્ટેરેશન જેટલી અરજી લાવવામાં ૯૦ દિવસ જેટલો વિલંબ થયેલ હોઈ તેમનો વિલંબ માફ કરવા પાત્ર જણાય છે. વધુમાં માત્ર ટેકનીકલ કારણોસર કોઈ વ્યકિત ન્યાયથી વંચિત ન રહી જાય તે હકીકત ધ્યાને લેતા અને વાદીને નોટીસની બજવણી યોગ્ય રીતે થયેલી ન હોઈ તે હીકકત ધ્યાને લેતા તેમજ વિલંબમાં ઉદારતા રાખી ઉપર જણાવેલ કારણોસર આ અરજી મંજુર કરવી જોઈએ તેવુ અત્રેની અદાલતનું માનવુ છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

૧) વાદીની ડીલેકોન્ડોનની અરજી મંજુર કરવામાં આવે છે.

૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

૩) રીસ્ટોરેશન અરજી લાવવામાં ૯૦ દિવસનો વિલંબ કરવામાંઆવેલ છે તે માફ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૩૧મી માહે ઓગષ્ટ, ૨૦૧૮ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૧.૦૮.૨૦૧૮
ચીખલી

**(જયેશ એમ. સોલંકી )**
એડીશ્નલ સિવિલ જજ, ચીખલી
**GJ01157**